Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ 17709

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૬/૦૯/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

**વિષય** :- માન.વડાપ્રધાનશ્રીના વરદહસ્તે યોજાનાર લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કાર્યક્રમના જીવંત પ્રસારણ નિહાળવા તથા પ્રસારણની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગરનો તા.૨૬/૦૯/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભદર્શિત પત્રથી તા.૨૭/૦૯/૨૦૨૩ના બુધવારના રોજ માન.વડાપ્રધાનશ્રીના વરદહસ્તે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજયની શાળાઓમાં વિવિધ માળખાકીય અને ડિજિટલ સુવિધાઓના લોકાર્પણ અને ખાતમૂહુર્ત માટેનો કાર્યક્રમ બાબતે તમામ શાળાઓએ અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૩૫૨૭-૩૬૧૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૬/૦૯/૨૦૨૩

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ- માન. વડાપ્રધાનશ્રીના વરદહસ્તે યોજાનાર લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કાર્યક્રમના જીવંત પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભઃ- સમગ્ર શિક્ષા ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ-SSA/MIS/૨૦૨૩/૪૫૩૩૦-૪૦૦ તા.૨૯/૦૯/૨૦૨૩

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, તા.૨૭/૦૯/૨૦૨૩ના બુધવારના રોજ માન. વડાપ્રધાનશ્રીના વરદહસ્તે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજ્યની શાળાઓમાં વિવિધ માળખાકીય અને ડિજિટલ સુવિધાઓના લોકાર્પણ અને ખાતમૂહુર્ત માટેનો કાર્યક્રમ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે આયોજિત કરવામાં આવેલ છે. જેનુ જીવંત પ્રસારણ BISAG – વંદે ગુજરાત ચેનલ ઉપરાંત સમગ્ર શિક્ષા-ગુજરાતની YouTube ચેનલ "Gujarat e-Class" ના માધ્યમથી તા.27.09.2023ના રોજ બુધવાર બપોરે 12:15 કલાકેથી કરવામાં આવનાર છે. આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સમુદાયના આગેવાનો અને મહાનુભાવો આ જીવંત પ્રસારણ નિહાળે તે બાબત સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

ઉકત કાર્યક્રમ પુર્ણ થયા બાદ સદર જીવંત પ્રસારણ નિહાળનાર વ્યક્તિઓની માહિતી આ સાથે સામેલ ગુગલ ફોર્મમાં ભરી તાત્કાલિક સાંજે ૪-૩૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે.

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

સંયુકત શિક્ષણ નિયામક
નિયામક શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

બિડાણઃ ગુગલ ફોર્મ